## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



મેડમ... અને ગુગલમાંથી સર્ચ કરીને ભણવાનું લેસન ન આપતા... ગુગલસર્ચ તો બહુ આવડે છે, તેને તેમાંથી છોડાવવાતો સ્કૂલમાં મોકલું છું...!!

# દંતાલી કેનાલ પાસે નકલી પોલીસે ત્રણ વ્યક્તિઓને લૂંટ્યા

### બે બાઇક પર આવેલી નકલી પોલીસની ગેંગે ગાળાગાળી કરીને મારઝૂડ કરી યુવાનો પાસેથી રૂપિયા ખંખેરી લીધા

ગાંધીનગર, તા.૩૦

અડાલજ નજીક આવેલી દંતાલી નર્મદા કેનાલ પાસે ઉભેલા યુવાનોને દમ મારી નકલી પોલીસની ગેંગે ગાળાગાળી કરીને મારઝુડ કરી તેમની પાસેથી લૂંટી લીધા હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાવા પામી છે. અડાલજ પોલીસે યુવાનની ફરિયાદ લઈ નકલી પોલીસ બનીને લૂંટ ચલાવતી આ ગેંગને પકડવા બે ટીમો દોડાવી છે.

મહીસાગર જિલ્લાના વીરપુર વિસ્તારના મુળ વતની અને હાલ ગાંધીનગર જિલ્લાના સરઢવ ખાતે પટેલ વાસમાં રહેતા યુવાન કમલેશભાઈ સોમાભાઈ પગી એ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે બે દિવસ પહેલા તેઓ અડાલજ પાસે આવેલી દંતાલી નર્મદા કેનાલ પાસે ઉભા હતા ત્યારે નકલી પોલીસની ગેંગે તેમની સાથે લૂંટ ચલાવી હતી. બે દિવસ પહેલાં બપોરે બે વાગ્યાના અરસામાં પોલીસની ઓળખ આપીને બે બાઈક પર આવેલા યુવાનો એ મળીને કમલેશભાઈ પાસેથી ગાળાગાળી અને મારઝૂડ કરીને પર્સમાંથી રૂપિયા ૫૦૯૦ તથા અન્ય વ્યકિત સુરેશભાઈ સહિતના બે વ્યક્તિઓ પાસેથી રૂ.૪૪૦૦ એમ મળી કુલ ત્રણ વ્યક્તિઓ પાસેથી રૂ.૯૪૯૦ ની લૂંટ ચલાવી નકલી પોલીસની ગેંગ ભાગી ગઈ હતી. આરોપીઓ બે બાઈક લઈને આવ્યા હતા જેમાંથી એક બાઈકને નંબર પ્લેટ ન હતી જ્યારે બીજા પેશન બાઈકનો નંબર કમલેશભાઈ એ વાંચી લીધો હતો. જીજે ૧ ડબલ્યુ ૨૪૦૬ નંબરનું પેશન બાઈક લઈને આવેલા લુટારું અંગે પોલીસને જાણ કરતા અડાલજ પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી આ નંબરને આધારે આરોપીઓ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

# અંબાલાલ પટેલ : સામાન્ય વ્યક્તિનું અસામાન્ય વ્યક્તિત્વ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં જ્યારે પણ હવામાનની આગાહીની વાત આવે ત્યારે ચોક્કસથી અચૂકપણે એક જ નામ યાદ આવે, અંબાલાલ પટેલ, હવામાનની આગાહી હોય કે જ્યોતિષશાસ્ત્રની કોઈ વાત અંબાલાલ પટેલનું નામ સર્વમાં મોખરે સ્થાન ધરાવે છે. કોઈપણ વિષયની સચોટ આગાહી કરનારા અંબાલાલ પટેલ વિશે ચાલો આજે જાણીએ.

વર્ષ ૧૯૪૭માં વિરમગામના રૂદાતલ ગામે જન્મેલા અંબાલાલ પટેલનું માધ્યમિક સુધીનુ શિક્ષણ વિરમગામ ખાતે થયુ છે. અંબાલાલે આણંદથી બી.એસ.સી. વીથ એગ્રીકલ્ચરમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કર્યો છે. તેઓ ગુજરાત રાજ્ય વીજપ્રમાણ એજન્સીમાં ૧૪ વર્ષ ફરજ બજાવી ચૂક્યા છે. આ ઉપરાંત અંબાલાલ પટેલ ગાંધીનગર કૃષિ પ્રયોગશાળા ખાતે સુપરવાઈઝર, એગ્રીકલ્ચર ઓફિસર, ખાતર ચકાસણી પ્રયોગશાળામાં મદદનીશ ખેતીનિયામક તેમજ જમીન ચકાસણી પ્રયોગશાળા અને જૈવિક નિયંત્રણ પ્રયોગશાળામાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે સેવા આપી ચુક્યા છે. વર્ષ ૨૦૦૫માં નિવૃત્ત થયા પછી તેઓએ જ્યોતિષશાસ્ત્રની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ લીધો. તેમજ જ્યોતિષ પૈકીની મેદનીય જ્યોતિષ શાખામાં તલસ્પર્શી અભ્યાસ કર્યો.



જ્યોતિષવિદ્યા તથા હવામાનની આગાહીમાં કેવી રીતે રસ પડ્યો તેવું પૂછતાં તેઓ જણાવે છે કે, ખેડૂત પરિવારમાં જન્મ, કૃષિને લગતો અભ્યાસ તથા કૃષિક્ષેત્રમાં કામ કર્યા પછી જાણ્યું કે ખેતરમાં કૃષિના પાકો ઉપર હવામાનની સૌથી વધુ અસર થાય છે. એક ખેડૂતના ખેતરમાં પાકમાં ખેંચ જણાતા હવામાનની પાકને અસર કેવી રીતે થાય છે તે જાણવા તેઓ 'પરંપરાગત વર્ષા વિજ્ઞાન'માં ઉંડો રસ લેવા માટે પ્રેરાયા હતા.

અંબાલાલ પટેલે હવાની વિષમતા, વૈશ્વિક પર્યાવરણમાં બદલાવનો અભ્યાસ કરી કૃષિ ઉપયોગી વરસાદી આગાહીમાં કૃષિ માસિકો, સાપ્તાહિકો, દૈનિક વર્તમાનપત્રોમાં લેખો લખ્યા છે. સંશોધન-પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી અંબાલાલ પટેલે સંદેશ, મુંબઈ સમાચાર અને જન્મભૂમિમાં પંચાંગ પણ લખ્યા છે. આ ઉપરાંત લોકસત્તા-જનસત્તા, ગુજરાત સમાચાર, સંદેશ, પ્રભાત, ગાંધીનગર સમાચાર વગેરેમાં મેદનીય જ્યોતિષ તેમજ હવામાનના વર્તારા અંગેની આગાહી અને લેખન કરી ચૂક્યા છે.

જાણીતી સંસ્થાઓ તરફથી જ્યોતિષ ક્ષેત્રે અંબાલાલ પ્રશસ્તિપત્રો તથા મેડલ મેળવી ચૂક્યા છે. જેમાં યુ.એન.ઓ. રોટરી કલબ, સરદાર એવોર્ડ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ ઘણા સમયથી ઈલેક્ટ્રોનિક મીડિયામાં વરસાદના વર્તારા અંગેના ટોકશોમાં વક્તવ્ય પણ આપે છે. અંબાલાલ પટેલ અનુભવે જ્યોતિષ વિદ્યા શીખ્યા છે. અંબાલાલ પટેલ જણાવે છે કે જ્યોતિષ રસને આગળ ધપાવનારા કામમાં ધર્મપત્ની ગૌરીબેનનો સહકાર મળવાથી તેઓ પ્રશસ્ત કાર્યો કરી શક્યા. અંબાલાલના ત્રણ સંતાનો ગૃહસ્થી વસાવીને બીજે સ્થાયી થયા છે અને તેઓ તેમના પત્ની સાથે સુખી જીવન જીવે છે. તેઓ જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ તથા હવામાન આગાહીમાં હજુ પણ સક્રિયપણે કાર્યરત છે.

# શહેરમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ નિવૃત થતા બજારમાં બુકે ખુટી ગયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આવેલી વિવિધ કચેરીઓમાંથી આજે મોટીસંખ્યામાં અધિકારી-કર્મચારીઓ નિવૃત થતા શહેરમાં બુકે ખુટી ગયા હતા. જયારે પોતાના સાથી કર્મચારીઓ માટે વિવિધ ચીજવસ્તુની ખરીદી માટે ગીફટ આર્ટીકલની તેમજ સોનાચાંદીની દુકાનોમાં પણ ભારે ભીડ જામી હતી. જયારે ફુલોના વેપારીઓએ પણ મોકાનો લાભ ઉઠાવી બુકે તેમજ ફુલના ભાવ ડબલ કરી દીધા હતા.

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં તમામ વિભાગોની વડી કચેરીઓ આવેલી છે. જેમાં હજ્જારોની સંખ્યામાં વર્ગ-૧ થી વર્ગ-૪ ના કર્મચારીઓ ફરજ બજાવે છે. ત્યારે આજે શહેરની કચેરીઓમાં અધિકારી-કર્મચારીઓ વય નિવૃત થતા ઠેરઠેર વિદાય સમારોહ યોજાયા હતા. વિદાય સમારોહમાં અધિકારી-કર્મચારીઓને શાલ ઓઢાડીને બુકે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.તેમજ કચેરીની પરંપરા મુજબ ગણેશજીની મૂર્તિ તેમજ સાકર અને શ્રીફળ આપી નિવૃત કર્મચારીઓ નિવૃત જીવન સુખમય અને શાંતિમય પસાર કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જયારે ફરજના સમયમાં તેઓએ કરેલી કામગીરીને બિરદાવી હતી. જયારે નિવૃત થતા અધિકારી-કર્મચારીઓએ પણ પોતાના સાથી કર્મચારીઓ સાથે વિતાવેલી પળો અને ખાટીમીઠી વાતો વાગોળી હતી. નિવૃતિના સમારોહમાં ચા-નાસ્તાની મોજ પણ કર્મચારીઓએ માણી હતી.જયારે કચેરી ખાતે મોં મીઠુ કરીને પોતાના સાથી કર્મચારીઓને વયનિવૃત થતા વિદાય આપી હતી.



શહેરમાં આજે અનેક કર્મચારીઓ નિવૃત થતા ગણેશજીની મૂર્તિ, ચાંદીનો સિક્કો, લક્ષ્મી-સરસ્વતીજીની સોના-ચાંદીની મૂર્તિ, બુકે તેમજ ફુલ સહિત અન્ય ચીજવસ્તુઓની ખરીદી માટે કર્મચારીઓએ ભારે ભીડ જોવા મળી હતી. જયારે બુકે અને ફુલની અછત સર્જાતા વેપારીઓએ ભાવ ડબલ કરી દીધો હતો. જયારે પોતાના અધિકારી-કર્મચારીઓને ગીફટ આપવા માટે ગીફટ આર્ટીકલની દુકાનોમાં ભારે ચહલપહલ જોવા મળી હતી. જયારે નિવૃત થયેલા મોટાભાગના તમામ કર્મચારીઓને કચેરીની ગાડીમાં ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. પોતાના સાથી કર્મચારીઓ નિવૃત થતા કેટલાક કર્મચારીઓની આંખ પણ ભીની થવા થવા પામી હતી.

# બળાત્કાર અંગે કોઈને જાણ કરીશ તો દીકરો ખોવાનો વારો આવશે

### ફ્લેટમાં પરણિતાના એકલતાનો લાભ લઇ બળાત્કાર ગુજારી યુવાને ધમકી આપી હોવાની પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ગામની સીમના એક ફ્લેટમાં રહેતી પરિણીતાએ અરવલ્લી જિલ્લાના સાઠંબા પોલીસ સ્ટેશનમાં એક યુવાન શખ્સ સામે બળાત્કાર અને ધમકી અંગે ફરિયાદ નોંધાવી છે. ખોરજ ગામની સીમમાં આવેલા ફ્લેટમાં બળાત્કાર થયો હોવાની ઘટનાને પગલે સાઠંબા પોલીસ સ્ટેશનથી અડાલજ પોલીસ સ્ટેશનમાં ઝીરો નંબરથી ફરિયાદ ટ્રાન્સફર થઈ છે.

બળાત્કારનો ભોગ બનનાર ૩૫ વર્ષીય પરિણીતાની ફરિયાદ મુજબ અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે ધુઆધર વિસ્તારમાં રહેતા પિનાકીન વિઠ્ઠલ પટેલ નામનો શખ્સ ૧૫ માર્ચે સવારે ૯ વાગ્યાના અરસામાં ખોરજ પાસે આવેલા તેમના ફ્લેટમાં આવ્યો હતો અને પરિણીતાની એકલતાનો લાભ લઈને પિનાકીન નામના શખ્સે પરિણીતા સાથે જબરદસ્તી કરીને બળાત્કાર ગુજાર્યો હતો. બળાત્કાર ગુજાર્યાની આ જાણ કોઈને કરીશ તો દીકરો ખોવાનો વારો આવશે તેમ કહી આરોપીએ ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. અડાલજ પોલીસે આ ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો. ઓ. સોસાયટીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ ક્રેડીટ સોસાયટી લિમિટેડના બોર્ડ ઓફ ડિરેકટર્સની તાજેતરમાં મળેલી બેઠકમાં વર્ષ ૨૦૧૮-૧૯ના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

તાજેતરમાં સોસાયટીની સામાન્ય સભા મળ્યા બાદ નવા ચુંટાઈ આવેલ ડિરેકટરો સાથેની આ પ્રથમ બેઠક મળી હતી. ૧૫૦૦ થી પણ વધુ સભાસદો ધરાવતી સરકારી કર્મચારીઓની આ સહકારી સંસ્થા છે. આ સંસ્થાને ગુજરાત રાજય સહકારી સંઘે પણ શ્રેષ્ઠ સહકારી સંસ્થા તરીકેનો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે. આજરોજ મળેલી બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં સંસ્થાના પ્રમુખ તરીકે જયંતિલાલ.બી. સાધુ, ઉપપ્રમુખ તરીકે રાજુલ નરેશકુમાર ભટ્ટ, માનદમંત્રી તરીકે હર્ષદસિંહ.જે.વાઘેલા, સહમંત્રી તરીકે ધવલ એસ શાહ, લોન સમિતિના ચેરમેન તરીકે કનુભાઈ.આર.પટેલ અને ખરીદી સમિતિના ચેરમેન તરીકે વત્સલ કુમાર વોરાની વરણી કરવામાં આવી છે. તેમ ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ ક્રેડીટ સોસાયટીના મેનેજર મુકેશ ઠાકરે જણાવ્યું છે.





માલ અને સેવા કર સારો અને સરળ વેરો




જીએસટીનું એક વર્ષ
દેશને સમૃદ્ધ બનાવવા અને તમામને ખુશહાલ રાખવા માટે
જીએસટી

**નાગરિકોને અનુકૂળ**
- સામાન્ય વપરાશની મોટાભાગની વસ્તુઓ માફી છે અથવા ૫ ટકા વેરો લાગુ પડે છે
- ૯૫ ટકાથી વધુ વસ્તુઓ પર ૧૮ ટકા અથવા તેનાથી ઓછા જીએસટીના દર નક્કી કર્યા
- રેસ્ટોરન્ટ પરના જીએસટી દરમાં ઘટાડો કરીને ૧૮ ટકા થી ૫ ટકા કરવામાં આવ્યો
- સૌ માટે સસ્તા ઘર

**અર્થવ્યવસ્થા માટે લાભદાયક**
- ભારતમાં સંગઠિત બજારનું સર્જન
- 'મેક ઈન ઈન્ડિયા' પહેલમાં વધારો
- રોકાણ અને આયાતમાં સુગમતા
- વેરા ઉપર વેરાના ભારણમાંથી મુક્તિ

**વ્યાપાર અને ઉદ્યોગ માટે ફાયદાકારક**
- અનેક વેરાઓની જગ્યાએ એક વેરો
- નિકાસને વધુ સ્પર્ધાત્મક બનાવાઈ
- રજીસ્ટ્રેશન, કર ચૂકવણી, રિટર્ન ફાઈલ કરવા અને રિફંડ માટે એક સમાન પ્રક્રિયા
- કરદાતાઓના પ્રશ્નો ઉકેલવા ઝડપી રિસ્પોન્સ સિસ્ટમ
- ૧.૫ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા કરદાતાઓને માસિકપત્રક વેરામાંથી મુક્તિ

**સરળ કર વ્યવસ્થા**
- એક રાષ્ટ્ર, એક વેરો, એક પ્રશાસન
- એક સમાન કાયદો અને પ્રક્રિયાઓ – માલ અને સેવાઓના વર્ગીકરણ માટે એક સમાન પદ્ધતિ
- આર્થિક સ્વતંત્રતાનો ઉદય
- માલ અને સેવાઓની સુગમ હેરફેર
- સમગ્ર દેશમાં ઉત્પાદકો માટે એક – સમાન તક
- ઈ-વે બિલ – એક રાષ્ટ્ર, એક દસ્તાવેજ

**જીએસટી અંતર્ગત ગુજરાત રાજ્યની સિદ્ધિઓ**
- જીએસટીના અમલ દરમ્યાન ૪.૨૫ લાખ કરદાતાઓ ઉમેરાતાં રાજ્યમાં કરદાતાની સંખ્યા ૯.૩૩ લાખથી વધુ
- ૧૧૦૫૨ રિફંડ અરજીનો નિકાલ, જેમાં રૂા. ૩૩૬૩ કરોડના રિફંડની રાજ્ય અને કેન્દ્રીય કચેરીઓ દ્વારા ચૂકવણી
  ૧.૦૯ લાખ શિપીંગ બીલ આધારિત રૂા. ૪૩૪૨ કરોડના IGST રિફંડની ચૂકવણી કસ્ટમ ઓથોરિટી દ્વારા કરાઈ
- સમગ્ર દેશમાં સૌથી વધુ ૧.૬૯ કરોડ આંતરરાજ્ય ઈ-વે બિલ ગુજરાતમાં જનરેટ થયા
- ૧.૨૭ લાખ જેટલા કરદાતાઓને કમ્પોઝીશનનો લાભ
- ચેકપોસ્ટ નાબૂદી દ્વારા સરળ પરિવહન

ગુજરાતના ગ્રાહકો, વેપારીઓ, ઉદ્યોગકારો, ખેડૂતો સર્વેને ગુજરાતમાં સફળતાપૂર્વક GST ની અમલવારી કરવામાં સહયોગ આપવા બદલ અભિનંદન અને આભાર
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

માલ અને સેવા વેરા ખાતુ, ગુજરાત રાજ્ય, અમદાવાદ । કેન્દ્રિય અપ્રત્યક્ષ કર અને સીમાશુલ્ક બોર્ડ

www.commercialtax.gujarat.gov.in | www.cbec.gov.in | www.cbec-gst.gov.in